https://www.divyabhaskar.co.in/local/gujarat/ahmedabad/news/the-conference-held-to-further-promote-entrepreneurship-will-prove-to-be-of-great-importance-to-the-students-130958089.html

# 15મી બેનિફિશિયલ કોન્ફરન્સ:એન્ટરપ્રનિયોરશિપને વધુ પ્રોત્સાહન આપવા કોન્ફરન્સ યોજાઈ, વિદ્યાર્થીઓ માટે ખૂબ જ અગત્યની સાબિત થશે

અમદાવાદ

ગાંધીનગર એન્ટરપ્રનિયોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા દ્વારા 15મી બેનિફિશિયલ ફોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સ દર બે વર્ષે યોજવામાં આવે છે. કોન્ફરન્સનો મુખ્ય હેતુ એન્ટરપ્રનિયોરશિપને આગામી દિવસોમાં કેવી રીતે વધુ પ્રોત્સાહન મળે તે છે.

## મોડ્યુલ પ્રોજેક્ટના નવા આઇડિયા રજૂ કરાશે

દેશ અને દેશ બહાર આવેલી પ્રતિષ્ઠિત રિસર્ચ ઇન્સ્ટિટ્યુશન અને યુનિવર્સિટી આ કોન્ફરન્સમાં જોડાઈ હતી. ગુજરાતની નવી એજ્યુકેશન પોલિસિમાં પણ એન્ટરપ્રનિયોરશિપ કઈ રીતે આગળ વધી શકે છે તેના પર ભાર મુકવામાં આવ્યો હતો. સ્ટાર્ટઅપ બિઝિનેસ શરૂ કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે આ કોન્ફરન્સ ખૂબ જ અગત્યની સાબિત થશે. EDII સંસ્થાનું મૂળ કામ છે નવા મોડ્યુલ બનાવવા અને સ્ટેટની અન્ય શૈક્ષણિક સંસ્થાઓ સાથે આ મોડ્યુલ પ્રોજેક્ટના નવા આઇડિયા રજૂ કરાશે.

## નવી એજ્યુકેશન પોલિસી પર ચર્ચા

આ કોન્ફરન્સ એક મંચ છે કે જ્યાં એન્ટરપ્રનિયોરશિપના નવા આઇડિયા દેશ અને દુનિયામાં ભારતને અવ્વલ બનાવવામાં મદદ કરશે. આજની કોન્ફરન્સ બાદ અલગ અલગ યુનિવર્સિટીના કુલપતિની એક બેઠક મળી હતી. જેમાં નવી એજ્યુકેશન પોલિસી પર ચર્ચા કરવામાં આવી હતી. તથા આગામી સમયમાં ક્યાં નવા સુધારા વધારા થઈ શકે તેના પર ચર્ચા કરાઈ હતી.